ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. ૧૫-૦૪-૨૦૨૨

- **જનતાની ધાર્મિક લાગણીઓ સાથે રમવામા માહીર ભાજપા જનતાની ભાવના અને લાગણીઓને સમજવાનો પ્રયાસ ક્યારે કરશે ? – મનહર પટેલ**

કોઈપણ ગુનો એ ગુનો છે, શરતચુકથી થયેલ ગુનાને પણ કોર્ટ કયારેય માફ કરતી નથી કારણ કે ભાવના અને લાગણીઓને ન્યાયની દેવી પાસે કોઇ સ્થાન નથી, ભાજપા પ્રદેશ પ્રમુખે એક કાર્યક્રમમા સમસ્ત હિન્દુ સમાજને ઠેસ પહોચે તેવી છ -છ વાર તેના એક જ ભાષણમા સત્યથી વેગળી ગંભીર ભુલ કરી છે...જોકે ધાર્મિક બાબતો પર લાંબી ટીપ્પણી પણ ન હોય શકે, નેતાઓથી ઘણીવાર ભુલો થાય છે, અને જે સહજ હોય છે તે જનતા ભુલી પણ જતી હોય છે..

પરંતુ દુખ સાથે કહેવુ પડે કે જયારથી ભાજપા સત્તામા આવી છે ત્યારથી દેશ અને રાજયમા એક વાતાવરણ ભાજપાએ બનાવ્યુ છે કે ગમે તેવી ધાર્મિક ભુલો કે ઈરાદાઓથી બોલવામા આવતી બાબતો તેના પક્ષના આગેવાનોને જ ક્ષમ્ય અન્ય પક્ષના નેતાઓ માટે આવી કોઈ જગ્યા નથી...

એનાથી આગળ કહેવાતા અમુક લાભાર્થી સાધુ - સંતો ભાજપાના અમુક નેતાને આરાધ્ય માને છે તે પૈકીના નેતાઓને થોડી પણ તકલીફ પડે એટલે ઉછળી - ઉછળીને તેની કદમબોચી કરવા મીડીયા સામે પોતાના નિવેદનો બોલીને અને કાગળ પર આપવા લાગે છે, અને અમુને તો વ્યાસપીઠની ગરીમાનુ પણ ભાન રહેતુ નથી ...

હિન્દુ હોવુ તે હિન્દુ માટે એક ગર્વની વાત છે..... પરંતુ સંકુચિત વિચારધારા સાથે હિન્દુ ધર્મને વામન કરનારા પાખંડીઓથી દેશના સાચા હિન્દુસ્તાનીઓએ ચેતવુ જોઇએ.

હિન્દુ ધર્મે વિશ્વને ખુબ મોટો આદર્શ પુરો પાડ્યો છે, સંકુચિતતા નહી, ભુતકાળમા હિન્દુ ધર્મ કયારેય બીજા ધર્મનો હાનીકર્તા નથી બન્યો તેમા હંમેશા જોડવાના કામો થયા છે, તોડવાના નહી.

લોકશાહી દેશના કોઈ રાજકીય પક્ષ કે સત્તાએ પોતાની ઓળખ કોઇ ધર્મનો ઠેકો લઈને ન આપવી જોઇએ છતાં આજે ભાજપા પાર્ટીએ સાગમટે આ પસંદગીનો વ્યવસાય ચાલુ કર્યો છે...

માધુપુર ખાતે ભાજપા પક્ષના પ્રમુખ વિશાળ મંચ પરથી છ-છ વાર પોતાનો ધાર્મિક અભ્યાસની સમજ જનતાને વિકૃત કરીને પીરસી રહ્યા હતા ત્યારે મંચ પર બેસનાર ભાજપાના આગેવાનોમાથી એક પણ આગેવાને તેમને રોકયા નહી, અને મંચ પર બેઠેલા અન્ય નેતાઓ આ વિકૃત ઈતિહાસ સાંભળીને જાણે ભાષણને સમર્થન આપી રહ્યા હતા, અને પાછળથી પણ એ મંચ પરથી ભાષણ કરનાર ભાજપા પ્રમુખની ગંભીર ભુલ પછી પણ તેમને કે મંચ શોભાવનાર એક પણ નેતાને તેની ક્ષતિ, ભુલ કે શરતચુકનુ નિવેદન કરવામા ન આવ્યુ, એટલે ભાજપા અને તેના આગેવાનો સાંભળનાર કે તેમને સહન કરનારને આ રાજ સત્તા શુ માની બેઠી છે તે સવાલ દરેક ગુજરાતીને થઈ રહ્યો છે.

હિન્દુ પ્રજામા હિન્દુત્વની ખુમારી ભરવા અનેક વૈદિક પુસ્તકો અને આધાર હયાત છે, તેના માટે ભાજપાના નેતાઓની રોગીષ્ટ ધામિઁક માનસિકતાથી નિકળેલા અજ્ઞાનની જરુર નથી...

જનતા એટલી અપેક્ષા તો જરુર રાખે છે  કે ધમઁ સત્તાની વ્યાસપીઠ પરથી કોઇ મહાત્મા અને રાજ સતાના ઉચ્ચ પદાધિકારીને તેની અવિચારી વાણીથી જનતાની લાગણી દુભાવવાનો રતી ભાર પણ અધિકાર નથી, અને એમા ભુલથી કે ઈરાદાથી મુકેલા શબ્દો જો સત્યથી વેગળા હોય તો તેમને અવશ્ય માફી માંગવી પડે.

ગુજરાતની ધમઁ પ્રેમી જનતાની ભાજપા પ્રમુખે ભગવાન શ્રી કૃષ્ણ અને સુભદ્રાજીના ભાઇ-બહેનના પવિત્ર સંબધને વિકૃત રીતે રજુ કરવાની ગંભીર ભુલની સાદર માફી વહેલીતકે દ્વારકાનગરી જઇને ભગવાન દ્વારકાધિશના ચરણોમા વંદન કરી માંગે ....



મનહર પટેલ
પ્રવકતા,ગુજરાત કોંગ્રેસ
E mail : inc.manharpatel@gmail.com